# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-07-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

**************************************************************************

## સૌપ્રથમ મુખ્ય સમાચાર

- ✓ સરકાર સંસદના ચોમાસુ સત્રમાં આપત્તિ વ્યવસ્થાપન કાયદામાં સુધારો કરવા સહિત છ નવા બિલ રજૂ કરશે.
- ✓ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા વાહનના આગળના કાચ પર FASTag નહીં ચોંટાડેલા વાહનો પાસેથી બમણો ટોલ ટેક્સ વસૂલશે.
- ✓ ભારતે વર્ષ 2030 સુધીમાં 500 અબજ અમેરિકન ડોલરનાં મૂલ્યનાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનનું લક્ષ્ય નક્કી કર્યું.
- ✓ આજે અને આવતીકાલે ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન ખાતાની આગાહી.
- ✓ શ્રીલંકા સામેની ટી-20 શ્રેણી માટે સૂર્યકુમાર યાદવ ભારતીય ટીમનાં કેપ્ટનઃ આજે મહિલા એશિયા કપ ક્રિકેટ T20 માં ભારત આજે શ્રીલંકામાં કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટકરાશે.

**************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PARLIAMENT – BILLS

સરકાર આગામી સપ્તાહથી શરૂ થતા સંસદના ચોમાસુ સત્રમાં આપત્તિ વ્યવસ્થાપન કાયદામાં સુધારો કરવા સહિત છ નવા બિલ રજૂ કરશે.

નાણા વિધેયક ઉપરાંત, સરકારે નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં વ્યાપાર કરવામાં સરળતા માટે સક્ષમ જોગવાઈઓ પ્રદાન કરવા માટે 1934ના એરક્રાફ્ટ એક્ટને બદલવા માટે ભારતીય વાયુયાન વિધેયક 2024ને  સૂચિબદ્ધ કર્યો છે. ગુરુવારે સાંજે લોકસભા સચિવાલય દ્વારા જારી કરાયેલ સંસદના બુલેટિનમાં ખરડાઓની યાદી પ્રકાશિત કરવામાં આવી હતી.

સંસદનું ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થશે અને 12મી ઓગસ્ટ સુધી ચાલશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ 23મી જુલાઈએ કેન્દ્રીય બજેટ રજૂ કરશે. દરમિયાન, લોકસભાના સ્પિકર ઓમ બિરલાએ બિઝનેસ એડવાઈઝરી કમિટીની રચના કરી છે જે સંસદીય કાર્યસૂચિ નક્કી કરે છે.

.................................................

# NHAI - DOUBLE CHARGE

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) આગળના કાચ પર FASTag નહીં ચોંટાડેલા વાહનો પાસેથી બમણો ટોલ ટેક્સ વસૂલશે.

સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, કાચ પર FASTagને ઇરાદાપૂર્વક ન લગાવવાથી ટોલ પ્લાઝા પર બિનજરૂરી વિલંબ થાય છે જેના કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગના વપરાશકર્તાઓને અસુવિધા થાય છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે, આગળના કાચ પર FASTag ન લગાવવાના કિસ્સામાં બમણી યુઝર ફી વસૂલવા માટે એજન્સીઓને વિસ્તૃત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જારી કરવામાં આવી છે. હાલમાં, દેશભરમાં લગભગ એક હજાર ટોલ પ્લાઝા પર આશરે 45 હજાર કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે માટે વપરાશકર્તા ફી વસૂલવામાં આવે છે.

.........................................................

## MANDAVIA KIRTI

કેન્દ્રીય યુવા અને રમત-ગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે નવી દિલ્હીમાં 'ખેલો ઇન્ડિયા રાઇઝિંગ ટેલેન્ટ આઇડેન્ટિફિકેશન' - કિર્તી પહેલની બીજી શ્રેણીનો પ્રારંભ કરાવશે.

કિર્તીની કલ્પના આધુનિક આઇસીટી ઉપકરણો અને વૈશ્વિક શ્રેષ્ઠતમ રીતોના આધારે પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ માટેની વ્યવસ્થા ઉભી કરવા માટે કરાઈ છે. તેનો હેતુ જમીની સ્તરના ખેલાડીઓને એક મંચ પર લાવવાનો છે. આ પહેલ અંતર્ગત તમામ રાજ્યોના મળીને કુલ 20 લાખ પ્રતિભાશાળી ખેલાડીઓનું 2024-25 માટે મૂલ્યાંકન કરાશે.

આ પહેલનો પ્રથમ તબક્કો ચંદીગઢમાં શરૂ કરાયો હતો. જેમાં 70 જેટલાં કેન્દ્રો પર 3 લાખ, 683 ખેલાડીઓની નોંધણી કરાઈ. ઇચ્છુક એથ્લીટસનું મૂલ્યાંકન 11 જેટલી સ્પર્ધાઓમાં કરાયું, જેમાં તીરંદાજી, એથલેટિક્સ, બેડમિન્ટન, મુક્કેબાજી, ફૂટબૉલ, કબડ્ડી, ખો-ખો, વોલીબૉલ, ગોળા ફેંક અને કુશ્તી સામેલ છે.

.........................................................

## NITI AAYOG - ELECTRONICS

ભારતે વર્ષ 2030 સુધીમાં 500 અબજ અમેરિકન ડોલરનાં મૂલ્યનાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ મહત્વાકાંક્ષી લક્ષ્યાંકમાં તૈયાર માલના ઉત્પાદનમાંથી 350 અબજ ડોલર અને ઉપકરણ ઉત્પાદનમાંથી 150 અબજ ડોલરનો સમાવેશ થાય છે. નીતિ આયોગના ઉપાધ્યક્ષ સુમન બેરીએ ગઈ કાલે નવી દિલ્હીમાં ઈલેક્ટ્રોનિક્સઃ પાવરિંગ ઈન્ડિયાઝ પાર્ટિસિપેશન ઈન ગ્લોબલ વેલ્યુ ચેઈન્સ શીર્ષક ધરાવતો અહેવાલ રજૂ કર્યો હતો. અહેવાલમાં ભારતનાં ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરનું વ્યાપક વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

.........................................................

## Malaysia palm Oil

ભારત અને મલેશિયાએ પામ ઓઇલ સહિતનાં ક્ષેત્રોમાં સહકાર વધારવા માટે નિર્ણય લીધો છે.

ગઈકાલે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે નવી દિલ્હીમાં મલેશિયાના પ્લાન્ટેશન અને કોમોડિટી મંત્રી દૌતક સેરી જોહરી અબ્દુલ ઘાની સાથે મુલાકાત કરી હતી. બેઠકમાં બંને નેતાઓએ દ્વિપક્ષીય કૃષિ સહકાર વધુ ઊંડો બનાવવા તકો પર ચર્ચા કરી હતી.

.....................................................

## Amarnath Yatra

કાશ્મીરમાં પવિત્ર અમરનાથ ગુફાના દર્શન માટે અંદાજિત 4 હજાર 800 શ્રદ્ધાળુઓનો બીજો વધુ એક કાફલો આજે વહેલી સવારે જમ્મુના ભગવતીનગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી કાશ્મીર જવા રવાના થયો છે, જેમાં અંદાજિત ત્રણ હજારથી વધારે પુરુષો અને એક હજાર પાંચસો મહિલાઓ સહિત અન્ય શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય છે.

આ શ્રદ્ધાળુઓ બાલતાલ અને પહલગામ જવા રવાના થયા છે જ્યાંથી તેઓ પવિત્રગુફા તરફ પ્રયાણ કરશે.

.....................................................

## Vikram Misery

વિદેશ સચિવ વિક્રમ મિસરી આજથી ભુતાનની ૨ દિવસીય સત્તાવાર મુલાકાતે છે.

વિદેશ સચિવનો પદભાર સંભાળ્યા બાદ તેમનો આ પ્રથમ વિદેશ પ્રવાસ હશે. આ મુલાકાત દરમિયાન શ્રી મિસરી ભૂતાનના રાજા અને નાગરિકો સાથે મુલાકાત કરશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, આ મુલાકાત ભારત અને ભુતાનના સંબંધોને સુદ્રઢ કરવા તથા કેન્દ્ર સરકારની 'નેબરહૂડ ફર્સ્ટ' નીતિના પ્રાધાન્યને દર્શાવે છે.

........................................................

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

............................................................

## Weather National

હવામાન વિભાગની આગાહી અનુસાર  આજે અને આવતીકાલે  કર્ણાટક, આંધ્રપ્રદેશ, ગોવા માધ્ય મહારાષ્ટ્ર, તેલંગાણા સહીત ગુજરાત દરિયાકાંઠાનાં જુદા જુદા વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી  શકે છે.

આ ઉપરાંત  મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, ઓડિશા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ રાજસ્થાન જયારે આંદામાન અને નિકોબાર ટાપુઓ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, પૂર્વોત્તર ભારત, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હી સહિતનાં  રાજ્યોમાં  વાવાઝોડા અને વીજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

........................................................

## Indian Team Sirlanka

શ્રીલંકા સામે 27મી જુલાઇથી શરૂ થઈ રહેલી ત્રણ મેચની T20 શ્રેણી માટે સૂર્યકુમાર યાદવને ભારતીય ટીમના કેપ્ટન બનાવવામાં આવ્યા છે, જ્યારે ઓગસ્ટમાં રમાનારી 50 ઓવરની શ્રેણી માટે વન-ડેનાં સુકાની રોહિત શર્મા અને વિરાટ કોહલીને સ્થાન આપવામાં આવ્યું છે.

શુભમન ગિલને બંને ફોર્મેટ માટે વાઇસ કેપ્ટન બનાવવામાં આવ્યા છે. ટી-20માં સામેલ અન્ય ખેલાડીઓમાં યશસ્વી જયસ્વાલ,  રિંકુ સિંહ, રિયાન પરાગ, ઋષભ પંત, સંજુ સેમસન, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ, ખલીલ અહેમદ અને મોહમ્મદ સિરાજનો સમાવેશ થાય છે.

........................................................

## WOMENS CRICKET ASIA CUP

મહિલા એશિયા કપ ક્રિકેટ T20માં, વર્તમાન ચેમ્પિયન ભારત આજે શ્રીલંકાના દામ્બુલામાં ટુર્નામેન્ટના પ્રથમ દિવસે કટ્ટર હરીફ પાકિસ્તાન સામે તેના અભિયાનની શરૂઆત કરશે.

ટુર્નામેન્ટની શરૂઆત ગ્રુપ-Aની ટીમો સંયુક્ત આરબ અમીરાત અને નેપાળ વચ્ચે આજે ભારતીય સમય અનુસાર બપોરે 2 વાગ્યે થશે,  જ્યારે ભારત અને પાકિસ્તાનની મેચ ભારતીય સમય અનુસાર સાંજે 7 વાગ્યે શરૂ થશે. ફાઇનલ મેચ 28મીએ રમાશે. એશિયા કપની આ આઠમી આવૃત્તિ છે, જેમાંથી સાતમાં ભારતનો વિજય થયો હતો.

.........................................................

## Tennis Swedish open

ટેનિસમાં, સ્વીડિશ ઓપનની મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં સ્પેનના રાફેલ નડાલ આજે સાંજે આર્જેન્ટિનાના મારિયાનો નેવોન સામે ટકરાશે.

નડાલે 6-4, 6-4થી બ્રિટિશ ખેલાડી કેમેરોન નોરી સામે સરળ જીત મેળવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ચોથા ક્રમાંકિત મારિયાનોએ ભારતના સુમિત નાગલને હરાવીને 8મા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

.........................................................

# Fifa Ranking

ફિફા રેન્કિંગમાં ભારતીય ફૂટબોલ ટીમે તેનું 124મું સ્થાન જાળવી રાખ્યું છે જ્યારે લિયોનેલ મેસીની આર્જેન્ટિના ટીમે ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એશિયામાં ભારત 22માં સ્થાને છે.

યા વર્ષે ડિસેમ્બરથી ભારતનું પ્રદર્શન સતત નબળું પડી રહ્યું છે. ગયા વર્ષે ભારત પ્રથમ વખત ટોચના 100માં પ્રવેશ્યું ત્યારે તે તેના સર્વોચ્ચ સ્થાને 99માં ક્રમે હતું, પરંતુ ત્યારથી તેનું પ્રદર્શન ઘટી રહ્યું છે. ફ્રાન્સે યુરો 2024ની સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યા બાદ રેન્કિંગમાં તેનું બીજું સ્થાન જાળવી રાખ્યું છે.

યુરોપિયન ચેમ્પિયન સ્પેન પાંચ ક્રમ આગળ વધીને સાથે ત્રીજા સ્થાને છે જ્યારે  ઇંગ્લેન્ડ બ્રાઝિલ કરતાં એક ક્રમે આગળ વધીને ચોથા સ્થાને રહ્યું છે.

.......................................................

# BJP-MEETING PUNE

ભારતીય જનતા પાર્ટી આગામી સોમવારે પુણે ખાતે વરિષ્ઠ નેતાઓની હાજરીમાં એક દિવસીય બેઠક યોજશે.

બેઠકમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, નીતિન ગડકરી, પીયૂષ ગોયલ, રાજ્યનાં પ્રભારી ભૂપેન્દ્ર યાદવ અને સહ પ્રભારી અશ્વિની વૈષ્ણવ સહિત પક્ષના વરિષ્ઠ નેતાઓ સત્રમાં હાજરી આપે તેવી અપેક્ષા છે.

દિવસભર ચાલનારી બેઠકમાં મંડલ સ્તરથી રાજ્ય સ્તર સુધીના લગભગ 5,500 પ્રતિનિધિઓ ભાગ લેશે. ભાજપની રાજ્ય ચૂંટણી સંચાલન સમિતીના વડા શ્રીકાંત ભરતિયાએ જણાવ્યું હતું કે, બેઠકમાં રાજ્યની આગામી વિધાનસભા ચૂંટણી અંગે ચર્ચા કરવામા આવશે. દરમિયાન, ગઇકાલે સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ભાજપનાં વડામથકની મુલાકાત લીધી હતી અને કર્મચારીઓ સાથે વાતચીત કરી હતી.

દરમિયાન, શિવસેનાના વડા અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આગામી વિધાનસભા ચૂંટણીનાં વ્યૂહ પર ચર્ચા કરવા માટે ગઈકાલે પક્ષનાં નેતાઓ અને હોદેદ્દારો સાથે સઘન મંત્રણા કરી હતી.

.......................................................